# S.D.ARTS & B.R.COMMERCE COLLEGE,MANSA

## UGBA SEM-III[Gujarati] Elective- Paper-204(201)

## MCQ-Prepared By Assi. Prof. Hemlataben B. Mehta

પ્રશ્નોનો અને તેનાં જવાબ

૧. નર્મદ કયા યુગના ગધકાર છે? – સુધારકયુગ
૨. ગોવર્ધનરામકયા યુગના ગધકાર છે? – સાક્ષરયુગ
૩. કાકાસાહેબ કાલેલકર કયા યુગના ગધકાર છે? – ગાંધીયુગ
૪. ડો.સુરેશ જોશી કયા યુગના ગધકાર છે? – આધુનિકયુગ
૫. કિશનસિંહ ચાવડાનો જન્મ કઇ સાલમાં થયો હતો ? -ઇ.સ.૧૯૦૪
૬. કિશનસિંહ ચાવડા કયા ગામના વતની હતા? - ભાંજ (સુરત - સચિન )
૭.કિશનસિંહ ચાવડાના પિતાનું નામ જણાવો. – ગોવિંદસિંહ
૮. કિશનસિંહ ચાવડાની માતાનું નામ જણાવો. – નર્મદા
૯. કિશનસિંહ ચાવડાનીપ્રથમ પત્નિનું નામ જણાવો. – સરસ્વતીબેન
૧૦. કિશનસિંહ ચાવડા બીજી પત્નિનું નામ જણાવો. – સાવિત્રીબહેન
૧૧ કિશનસિંહ ચાવડાએ કયા ઉપનામથી 'અમાસના તારા' પુસ્તક પ્રગટ કરેલ છે? – 'જિપ્સી'
૧૨. 'અમાસના તારા' પુસ્તકની પ્રથમ આવૃતિ કયારે પ્રકાશિત થયેલ છે? – ઇ.સ.૧૯૫૪
૧૩. સર્જકની આધ્યાત્મક્યાત્રા કઇ આત્મકથામાં આલેખાયેલી છે? – 'અમાસથી પૂનમ ભણી'
૧૪. 'અમાસના તારા' પુસ્તકનું પ્રથમ ચરિત્રચિત્રણ કોનું છે? - 'બા'
૧૫. કિશનસિંહ ચાવડાનું મૃત્યું કઇ સાલમાં થયું હતું? - ઇ.સ. ૧૯૭૯
૧૬. 'અમાસના તારા' પુસ્તકમાં કેટલા પ્રકરણ આવેલ છે? - ૩૫
૧૭. 'આપણે તો મિલકત પણ ગઇ અને આબરૂ પણ ગઇ !' – આ વાકય કયા પ્રકરણમાંથી લેવામાં આવ્યું છે? - 'બા' ૧૮. કિશનસિંહ ચાવડાની બહેનનું નામ જણાવો. –અમૃતા
૧૯. અમૃતાનું હુલામણું નામ જણાવો. – અમુ
૨૦. 'અમૃતા' પ્રકરણમાં અમુનું રેખાચિત્ર કેવું બતાવ્યું છે? – કરુણ
૨૧. 'પાણીમૂક!' પ્રકરણમાં કયા રોગની વાત થઇ છે ? - 'પ્લેગ'
૨૨. 'પાણીમૂક!' પ્રકરણમાંકિશનસિંહના કોણ પ્લેગના રોગમાં મૃત્યું પામે છે? – બાપુજી અને મોટી બહેન
૨૩. લેખકે કયા પ્રકરણમાં સાચા અને મસ્તમિજાજના કલાકારનું ચિત્ર ઉપસાવ્યું છે? – નનનુ ઉસ્તાદ
૨૪. 'એક દિન હમારી જિંદગી કા તાર ભી ઐસા હી તૂટેગા? 'આ વાકય કોણ બોલે છે? - નનનુ ઉસ્તાદ
૨૫. 'ગાડીને જવું હોય તો જાય, હું ચાલ નહીં બદલું'- આ વાકય કયા પ્રકરણમાંથી લેવામાં આવ્યું છે? -'હું નહીં બદલું'
૨૬. બિકાનેરના મહારાજકુમારે કરેલા વાધના શિકારની કથાનું આલેખન કયા પ્રકરણમાંકરવામાં આવ્યું છે? - 'છબી કોરાઇ ગઇ'
૨૭. દાંપત્ય જીવનનાં બે પરસ્પર વિરોધી ચિત્રોનું આલેખન કયા પ્રકરણમાં થયું છે? – 'જીવન,વિષ,અમૃત'
૨૮. ગુલ્લબોનું પાત્ર કયા પ્રકરણમાં આવે છે? – 'બંસી કાહે કો બજાઇ?'
૨૯. 'સૂરસમાધિ' પ્રકરણમાં પ્રખ્યાત ગાયકનું નામ જણાવો. – ઉસ્તાદ ફૈયાઝખાં
૩૦. 'મસ્ત શિલ્પી' પ્રકરણમાં કોનો પ્રસંગ આલેખાયો છે? - રામબાબુ
૩૧. 'સ્વ.ફૈયાઝખાં' પ્રકરણમાં કયા વિખ્યાત સંગીતકારની કલા સાધનાને ભવ્યઅંજલિ આપી છે? - ફૈયાઝખાં
૩૨. ડો. અલિનું પાત્ર કયા પ્રકરણમાં આવે છે? – 'કેરોસીન અને અત્તર'
૩૩. 'યહ અત્તર બેચને કા જમાના હૈ ? કેરોસીન હૈ?' – આ વાકય કોણ બોલે છે? – ડો. અલિ
૩૪. 'મને મારો મેળાપ' પ્રકરણમાં લેખકે કયા પ્રવાસનાં સંસ્મરણોની વાત કરી છે? – વિદેશ
૩૫. અમેરીક્નોની પ્રામાણિકતાના જાત-અનુભવોનીની વાત કયા પ્રકરણમાં કરવામાં આવી છે?– 'પ્રામાણિકતાનો સ્વભાવ'
૩૬. 'હ્રદયધર્મનો પ્રસાદ' પ્રકરણમાં લેખકે કયાથી કયાનો પ્રવાસ કર્યો હતો તેનાંસંસ્મરણોની વાત કરી છે? – નૈરોબીથી નૈવાશા (વિદેશ)
૩૭. 'જિંદગીની કિંમત' પ્રકરણમાં લેખકે કોની વચ્ચેના દ્વંદ્વયુદ્ધનું જોયેલું દશ્ય છે? - મસાઇઓ અને સિંહ
૩૮. 'ગાંધીજીના પુણ્ય પ્રતાપે' પ્રકરણમાં લેખકે કોના રેખાચિત્રનું આલેખન કર્યું છે? –લાલા ફિરોઝચંદ
૩૯. 'મૃત્યું અને જીવન'પ્રકરણમાં લેખકે કેટલા સ્મશાનોનું આલેખન કર્યું છે? – ચાર
**૪૦.** 'And he will Live till truth Lives' - સત્ય છે ત્યાં સુધી એ જીવશે' - આ વાકય કયા પ્રકરણમાંથી લેવામાં આવ્યું છે? - 'ગાંધીજીના પુણ્ય પ્રતાપે'
**૪૧. શ્રમજીવી યુગલનાં પ્રસન્ન દાંપત્યનાં ચિત્રનું** આલેખન કયા પ્રકરણમાં કરવામાં આવ્યું છે? –'સંગાથી'
**૪૨.** 'અફલાતૂન' પ્રકરણમાં અફલાતૂનને બીજા કયા નામે ઓળખતા હતા? – ઉસ્માન
**૪૩. ફક્કડ ચાચા કયા પ્રકરણનું પાત્ર છે? - 'ફક્કડ ચાચા'**
૪૪. કૃષ્ણાપ્પા પહેલવાનનો પરિચય કયા પ્રકરણમાં આવે છે? –'વ્યક્તિ અને વિભૂતિ'
૪૫. જીવનની કુરૂપતા અને સુરૂપતા બે વિરોધી ચિત્રોનું આલેખન કયા પ્રકરણમાં થયું છે? – 'જીવનનું કાવ્ય'

૪૬. આધુનિક ભણતર વિશેનાવિચારોનું આલેખન કયા પ્રકરણમાં છે? – ‘ભણતરનો અંધાપો’
૪૭. આધુનિક નારીની સમસ્યાનું નિરૂપણ કયા પ્રકરણમાંજોવા મળે છે? - ‘માતૃત્વ’
૪૮. દિલ્હી શહેરમાં જીવાતા જીવનની બે જુદી જુદી તસવીરોનું આલેખન કયા પ્રકરણમાં થયું છે? - ‘અજવાળામાં અને અંધારામાં’
૪૯. ‘આજે નામથી તો જિપ્સી થયો છું, કામથી થવાય ત્યારે ખરું!’ - આ વાકય કયા પ્રકરણમાંથી લેવામાં આવ્યું છે? - ‘મને મારો મેળાપ’
**૫૦. ‘અમાસના તારા’ પુસ્તકમાં છેલ્લું પ્રકરણ કયુ છે? -** ‘અજવાળામાં અને અંધારામાં’